અપીલ અરજી નં. ૬૭૩ તા.૯–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– ડો. રાજેન્દ્ર હીરાલાલ કોન્ટ્રાકટર
સામાવાળા :– કાર્યપાલક ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ ડો. રાજેન્દ્ર હીરાલાલ કોન્ટ્રાકટરની તા.૧૮–૧–૧૨ની અરજીથી મોજે મજુરાના રેવન્યુ સર્વે નં. ૫૭/૧, ૫૭/૨, ૫૮, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ટી.પી.સ્કીમ નં. ૬ વાળી જમીનમાં મંજુર થયેલા બાંધકામની રજાચિટ્ઠી (૧૮૩) ટી.ડી.ઓ. નં. ૧૧૩૩ બી.એસ.આર.નં. ૧૨૧૬ તા. ૧૭–૩–૧૯૮૭ માટે રજુ થયેલી અરજી સહિત તમામ કાગળોની સહી–સિક્કાવાળી નકલો મેળવવા વિ.મુદ્દા નં. (૧) થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૯–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૭૩/૨૦૧૧–૧૨

ડો. રાજેન્દ્ર હીરાલાલ કોન્ટ્રાકટરની તા.૧૮–૧–૧૨ની અરજીથી મોજે મજુરાના રેવન્યુ સર્વે નં. ૫૭/૧, ૫૭/૨, ૫૮, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ટી.પી.સ્કીમ નં. ૬ વાળી જમીનમાં મંજુર થયેલા બાંધકામની રજાચિટ્ઠી (૧૮૩) ટી.ડી.ઓ. નં. ૧૧ ૩૩ બી.એસ.આર.નં. ૧૨૧૬ તા. ૧૭–૩–૧૯૮૭ માટે રજુ થયેલી અરજી સહિત તમામ કાગળોની સહી–સિક્કાવાળી નકલો મેળવવા વિ.મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)ના પત્ર નં. સા.વે.ઝોન(અઠવા) / આરટીઆઈ/ આ. નં.૧૫૮૧ તા. ૧૭–૨–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા તથા દફતરના નાશ–નિકાલ અંગેની વિગતો આધાર સહ રજુ કરવા તેમજ અ.નં. ૩૭૬ અંગે અમલવારીની વિગત સ્પષ્ટ કરવા સાથે આ અંગે કોઈ પૂર્વસંદર્ભ માહિતી તપાસ ણી કે આનુષંગિક દફતરી વિગત આપ્યાના કેસ હોય તો તે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૦૯ તા.૧૬–૩–૧૨ થી કાર્યપાલક ઈજનેર અને  જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન) તથા અરજદારને અપીલના મુદ્દા નં.૩ અનુસાર ગેરકાયદેસર બાંધકામની વિગતો– ફરીયાદ અઠવાઝોન–સુ.મ.ન.પા કચેરીને આપ્યાના આધાર તથા અપીલ નં. ૩૭૬ તા. ૪–૩–૧૧ હુકમ તથા તે સામે મળેલ પ્રત્યુત્તરની નકલ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ./૧૬૮૯ તા.૧૯–૩–૧૨ થી નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી મ.શહેર વિકાસ ના પત્ર નં.ટી.ડી.ઓ/૫૦૯ તા.૩૦–૧–૧૨ થી તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/ ૨૦૪૮ તા.૧૯–૧–૧૨ થી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ,  ફી ભર્યાની વિગત, નોંધ વિભાગ, અરજદારને પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/ આ.૧૫૮૧ તા.૧૭–૨–૧૨ થી આપેલ માહિતીના પત્રની નકલ, એકનોલેજમેન્ટની નકલ અત્રે મળેલ છે. જયારે  અરજદાર તરફથી  તા.૫–૪–૧૨ નો પત્ર, મે. કમિશનરશ્રીને તા.૪–૮–૧૦ થી લખેલ પત્રની નકલ, અપીલ અરજી નં.૩૭૬ તા.૪–૩–૧૧અંગે થયેલ હુકમની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૮–૧–૧૨ની અરજીથી માંગેલ માહિતીની અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે  જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી  પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૨૦૪૮ તા.૧૯–૧–૧૨ થી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસને સમય અવધિમાં તબદીલ કરેલ. જયારે જાહેર માહિતી અધિકારી મ.શહેર વિકાસ તરફથી પત્ર નં.ટી.ડી.ઓ/૫૦૯ તા.૩૦–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનને સમય અવધિ બાદ તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનના પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/ આ.૧૫૮૧ તા.૧૭–૨–૧૨ થી અરજદારને સમય અવધિબાદ માહિતી પુરી પાડવામાં આવેલ. જેમાં અરજદારની અરજીમાં  (૧) મોજે મજુરાના રે.સ.નં.૫૭/૧ , ૫૭/૨, ૫૮,૬૨,૬૩,૬૪, ટી.પી.સ્કીમ નં.૬ વાળી જમીનમાં થયેલ બાંધકામ ગેરકાયદેસરનું છે કે નહી?  (૨) ઉપર દર્શાવેલ જમીનોનું બાંધકામ યોગ્ય કાયદા મુજબ વિકાસ પરવાનગી, રજાચીઠ્ઠી મેળવી થયેલ છે કે નહીં તે જાણવા માટે આપશ્રીએ કઈ કાર્યવાહી કરી છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અઠવાઝોનના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં સદરહુ મિલ્કતની પ્લાન મંજુરી અંગેનો રેકર્ડ ઉપલબ્ધ ન હોય માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેમ નથી. તેવુ જણાવેલ. (૩) ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની જવાબદારી કોની છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગેર કાયદેસર બાંધકામ દુર કરવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની છે. તેવુ જણાવેલ.

અરજદારે જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)ના પત્ર નં. સા.વે.ઝોન(અઠવા) / આરટીઆઈ/ આ. નં.૧૫૮૧ તા. ૧૭–૨–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૯–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ. અરજદારે અપીલ દરમ્યાન મુદ્દા નં.૨ માં મોજે મજુરાના રે.સ.નં.૫૭/૧, ૫૭/૨, ૫૮,૬૨,૬૩,૬૪, ટી.પી.સ્કીમ નં.૬ વાળી જમીનમાં થયેલ બાંધકામ યોગ્ય કાયદા મુજબ વિકાસ પરવાનગી, રજાચીઠ્ઠી મેળવી થયેલ છે કે નહીં તે જાણવા માટે કરેલ કાર્યવાહીની માહિતી માંગેલ. જે અંગે રેકર્ડ ચકાસતા સદરહુ માહિતીનો રેકર્ડ ઉપલબ્ધ ન હોય માહિતી આપી શકાય તેમ નથી. તેવુ જણાવેલ. જો બાંધકામના પ્લાન મંજુરી અંગેનો રેકર્ડ ઉપલબ્ધ ન હોય તો કરેલુ બાંધકામ કાયદેસરનું નથી થઈ જતુ. બાંધકામના કબ્જેદાર અને ડેવલપર પાસેથી વિકાસ પરવાનગી , રજાચીઠ્ઠી વગેરે અંગેની માહિતી મેળવી યોગ્ય કાર્યવાહી કરવામાં આવી છે કે નહીં તે જણાવ્યુ નથી.

બાંધકામ ગેરકાયદેસર હોવાના પુરતા પુરાવાઓ ડે.કમિશ્નર(પી એન્ડ ડી) સમક્ષ રજુ કરેલ છે તેમજ તે પછી સા.વે. ઝોન (અઠવા) ના અધિકારીઓ સમક્ષ પણ પુરાવાઓની નકલો રૂબરૂ ઉપસ્થિત થઈ આપી હોવા છતાં આખી સોસાયટી ગેરકાયદેસર બાંધવામાં આવી હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેવી રજુઆત કરવામાં આવેલ.

અરજદારને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૦૯ તા.૧૬–૩–૧૨ થી અપીલના મુદ્દા નં.૩ અનુસાર ગેરકાયદેસર બાંધકામની વિગતો– ફરીયાદ અઠવાઝોન–સુ.મ.ન.પા કચેરીને આપ્યાના આધાર તથા અપીલ નં. ૩૭૬ તા. ૪–૩–૧૧ હુકમ તથા તે સામે મળેલ પ્રત્યુત્તરની નકલ રજૂ કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા. ૫–૪–૧૨ ના પત્રથી ગેરકાયદેસર બાંધકામની વિગતો–ફરિયાદ અઠવાઝોન સુ.મ.ન.પા. કચેરીને આપેલી અરજીની નકલ તથા અપીલ ૩૭૬ તા.૪–૩–૧૧ ના હુકમની નકલ રજુ કરેલ. અપીલ નં.૩૭૬ તા.૪–૩–૧૧ ના હુકમ પછી કોઈ પ્રત્યુત્તર આપવામાં આવ્યો નથી. કે કોઈ માહિતી આપવામાં આવી નથી. તેવી રજુઆત કરવામાં આવેલ.

અરજદારની પ્રથમ અપીલ તા.૯–૩–૧૨ ધ્યાને લેતાં ૭–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૨–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૮–૧–૧૨ ની અરજીમાં માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારીએ મંજુર પ્લાન રજીસ્ટરનો રેકર્ડ ચકાસી તે અંગેની વિગતો જરૂર જણાયે બાબતને સ્પર્શતા દફતરી તપાસણી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા તથા થયેલ કાર્યવાહીની વિગત અત્રે જણાવવા કાર્યપાલક ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન) ને જણાવવામાં આવે છે." તથા અરજદારે સદર મુદ્દામાં કાર્યવાહીને લગતી રજુઆત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

અરજદારે અપીલ અરજીની પુરક વિગતમાં હુકમ નં.૩૭૬ તા.૪–૩–૧૧થી કોઈ માહિતી મળેલ ન હોય તેવી રજુઆત અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯(૩) હેઠળ દિન–૯૦ ની અવધિમાં તથા યોગ્ય કિસ્સામાં વિલંબના કારણના વાજબીપણા સહિત તે પછી પણ રાજય માહિતી આયોગ, પ્રથમ માળ, સેકટર–૧૮, ગાંધીનગરને બીજી અપીલ કરવાની જોગવાઈ છે.

(સી.વાય ભટ્ટ)
ડે.કમિશ્નર
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી(અઠવા ઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) ડો. રાજેન્દ્ર હીરાલાલ કોન્ટ્રાકટર,